મેઘરજનગરમાં સ્વાઈન ફ્લુનો કેસ નોંધાતા તાલુકામાં ફફડાટ

મેઘરજ, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં કાળઝાળ અને અગન વરસાવતી ગરમીમાં મેઘરજ નગરમાં એક ઈસમને સારવાર દરમિયાન સ્વાઈન ફ્લુ જણાતા તાલુકાની પ્રજામાં ફફડાટ ફેલાયો છે.

મેઘરજ નગરની એક સોસાયટીમાં રહેતા એક ઈસમની અચાનક તબિયત લથડતાં મેઘરજની એક ખાનગી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર લઈ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા અને ત્યાં વધુ તબિયત લથડતા સારવાર અર્થે અમદાવાદ લઈ જવાયા હતા અને ત્યાં જઈ સારવાર દરમિયાન લેબોરેટરીમાં આ ઈસમને સ્વાઈન ફ્લુ હોવાનું જણાઈ આવતા તાત્કાલિક સારવાર પુરી પડાઈ હતી અને હાલ તેઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આ બાબતની જાણ આરોગ્ય તંત્રને તથા જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્મા મંગળવારના રોજ તાબડતોડ મેઘરજ દોડી આવ્યા હતા અને પરિવારજનોના અન્ય સભ્યોને પણ આ ગંભીર બિમારીની અસર ન થાય તે માટે આગોતરી સારવાર પુરી પડાઈ હતી અને આરોગ્ય તંત્ર દ્વારા સમગ્ર સોસાયટીમાં ચકાસણી હાથ ધરી સર્વે કરવામાં આવ્યુ હતુ. મેઘરજ નગરમાં સ્વાઈન ફ્લુનો કેસ નોંધાતા સ્વાઈન ફ્લુની બિમારીને લઈને પ્રજામાં ફફડાટ ફેલાયો છે.

મોડાસાના મદાપુરકંપામાં ઘરફોડીયા ગેંગનો આતંક

પટેલ પરિવાર ઘરની બહાર ગાઢ નિંદ્રામાં પાછળથી ચોરો ત્રાટક્યા : ૫ લાખથી વધુની ચોરી

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં અને ગામડાઓમાં ચોરીના બનાવોમાં મહદઅંશે અંકુશ લાખથી વધુની રકમની ચોરીની ઘટનાને અંજામ આપી ફરાર થઈ જતા મદાપુરકંપામાં ફફડાટ ફેલાયો હતો. ચોરીની ઘટના અંગે મોડાસા પતાવી ઘરને બંધ કરી ઘરની બહાર ગાઢ નિંદ્રામાં ઉંઘતા હતા ત્યારે પરિવારના સભ્યને જાણ પણ ન થાય તે રીતે તસ્કરોએ ઘરના પાછળના લાખની ચોરીની ઘટનાને અંજામ આપી ફરાર થઈ ગયા હતા. પટેલ પરિવારના સભ્યો સવારે ઉઠીને જોતા ઘરના પાછળનો દરવાજો તૂટેલો પોલીસને જાણ કરતા તાબડતોડ પોલીસ ઘટનાસ્થળે ધસી આવી તસ્કર ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

જિલ્લા પોલીસતંત્રએ મેળવ્યા પછી મોડાસા તાલુકાના મદાપુરકંપામાંથી મંગળવારે રાત્રીના સમયે તસ્કર ટોળકીએ એક પટેલ પરિવારના ઘરના પાછળના દરવાજાથી ઘરમાં ઘુસી ઘરના તીજોરી અને કબાટમાંથી દોઢ લાખ રૂપિયા રોકડા અને ૧૩ તોલા સોના સહિત અન્ય ચીજવસ્તુઓ લઈ અંદાજે ૫ રૂરલ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે ધસી આવી રાબેતા મુજબની કામગીરી હાથ ધરી તસ્કર ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા તાલુકાના મદાપુરકંપામાં મંગળવારે રાત્રીના સમયે ભાવેશભાઈ પટેલ અને તેમનો પરિવાર રોજીંદુ કામકાજ દરવાજાના નકૂચા તોડી ઘરમાં પ્રવેશી ઘરમાં રહેલી તીજોરી, કબાટ અને સૂટકેસ સહિત ફંફોસી તીજોરી અને કબાટમાં રાખેલા દોઢ લાખ રૂપિયા રોકડા અને ૧૩ તોલા સોનાના દાગીના સહિત અન્ય કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરી સૂટકેસ ઘરના પાછળના ભાગે આવેલ ખેતરમાં નાખી રૂ. પાંચ અને તીજોરી, કબાટ સહિતની ચીજવસ્તુઓ વેરવિખેર થયેલી જોતા જ ચોરોએ ઘરમાં ચોરીની ઘટનાને અંજામ આપ્યો હોવાનું જણાતા હાંફળા ફાંફળા બની ગયા હતા. ચોરીની ઘટનાની જાણ મદાપુરકંપામાં થતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ચોરીની ઘટના અંગે મોડાસા રૂરલ

મદાપુરકંપામાં મંગળવારની રાત્રીએ તસ્કરોએ ત્રાટકી ૫ લાખથી વધુની લૂંટની ઘટનાને અંજામ આપતા મદાપુરકંપાના ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. તદ્ઉપરાંત મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જિલ્લા પોલીસવડાએ નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવી તસ્કર ગેંગને ઝડપી પાડવા ઉગ્ર માંગ કરી હતી.

મોડાસાના મેઘરજ ચોકડી અને માલપુર રોડ સહયોગ ચોકડી પર સર્કલ બનાવવા માંગ

મોડાસા-મેઘરજ બાયપાસ રોડ પર મેઘરજ ચોકડી અને માલપુર રોડની સહયોગ બાયપાસ ચોકડી પર વારંવાર અકસ્માત સર્જાતા ભય : સર્કલ બનાવવા રહીશોની માંગ

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરને જિલ્લાનું વડુમથક જાહેર કર્યા બાદ વાહનોની અવર-જવર વધવાથી અને દિલ્હીથી મુંબઈ અને દક્ષિણ ભારત

તરફ ટ્રાન્સપોર્ટેશન માટેનો શોર્ટકટ હોવાથી ભારે વાહનોનો પણ મોડાસા બાયપાસ રોડ પર આવેલી મેઘરજ રોડ ચોકડી અને માલપુર રોડ પરની સહયોગ બાયપાસ ચોકડી પરથી પસાર થતા સતત ધમધમતો રહે છે. આ બન્ને સ્થળોએ ટ્રાફિક વધવાથી વારંવાર અકસ્માતની ઘટનાઓ બનતા જાગૃત નાગરિકોએ હાઈવે ઓથોરીટી અને વહીવટીતંત્રમાં અનેક રજૂઆત કરવા છતાં સર્કલ ન બનાવતા લોકો અને વાહનચાલકો ભયના ઓથાર હેઠળ આ બન્ને ચોકડી પરથી પસાર થાય છે. અગાઉ સર્જાયેલા અકસ્માતની ઘટનાએ જે તે સમયે અનેકવાર રહીશોએ આ બન્ને ચોકડીઓ પર ચક્કાજામ કરવા છતા જવાબદારતંત્રનું પેટનું પાણી ન હલતા લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસાના મેઘરજ રોડ પર આવેલી મેઘરજ ચોકડી અને માલપુર રોડ પર આવેલી સહયોગ બાયપાસ ચોકડી નજીક અનેક રહેણાંક સોસાયટીઓ, ફ્લેટ અને સ્કૂલ કોલેજ આવેલી છે. સતત ટ્રાફિકથી અને ભારે વાહનોથી ધમધમતી મેઘરજ બાયપાસ ચોકડી અને સહયોગ બાયપાસ ચોકડી પર સર્કલના અભાવે શામળાજી અને માલપુર તેમજ ધનસુરા તરફથી બેફામ ગતિ હંકારીને આવતા ટ્રક ચાલકો અને અન્ય વાહનચાલકો અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને વારંવાર અડફેટે લઈ અકસ્માત સર્જી રહ્યા છે. સપ્તાહમાં બન્ને ચોકડી પર અકસ્માતની ઘટના બનતી રહે છે. છાશવારે અકસ્માતની ઘટનામાં ઘટાડો થાય તે માટે પુરઝડપે પસાર થતા ભારવાહક વાહનચાલકો અને અન્ય વાહનચાલકોની ગતિ ધીમી પડે તે માટે લોકો વર્ષોથી સર્કલ બનાવવાની માંગ કરી રહ્યા છે.

મેઘરજ રોડ પર એક વર્ષ અગાઉ ગમખ્વાર અકસ્માત સર્જાતા યુવકના શરીરના ફૂરચે-ફૂરચા ઉડી જતા મેઘરજ રોડ પર ચોકડી પરની આજુબાજુની સોસાયટીઓમાં રહેતા નગરજનો મોડાસા-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ રોડ પર ઉતરી પડતા ચક્કાજામ કરી દેતા અને સર્કલ બનાવવાની માંગને લઈને કલાકો સુધી વાહન વ્યવહાર થંભાવી દેતા હાઈવે ઓથોરેટીના અધિકારીઓ, વહીવટીતંત્ર અને પોલીસતંત્રના અધિકારીઓ દોડી આવ્યા હતા અને પ્રજાજનોને બાયપાસ રોડ પર સર્કલ બનાવી ક્રોસિંગ સલામત બનાવવાની જવાબદારી લેતા લોકોએ ચક્કાજામ હટાવી લઈ રોડ પૂર્વરત કર્યો હતો પરંતુ અકસ્માતની ઘટનાઓ બની રહી છે. જેથી બન્ને ચોકડી પર જાગૃત નાગરિકો દ્વારા જવાબદારતંત્ર દ્વારા તાત્કાલિક સર્કલ બનાવવા અને નગરજનો અને જિલ્લાવાસીઓ સહિત નિર્દોષ વાહનચાલકોનો ભય દૂર કરવામાં આવે તેમ ઉગ્રતાપૂર્વક જણાવ્યુ હતુ.

મેલેરીયા મુક્ત મહેસાણા જિલ્લો મહાઅભિયાનનો શુભારંભ

મહેસાણા, તા.૨૪

ઈ.સ.૧૮૮૨ની ૨૪મી માર્ચના રોજ ડૉ.રોબર્ટ કોક નામના વૈજ્ઞાનિકે ટી.બી. રોગ થવાનાં કારણભૂત ટી.બીના જંતુ ''માઈકોબેકટેરિયમ ટયૂબરકયુલોસીસ'' ની શોધ કરી હતી. ટી.બી.ના રોગને કાબુમાં લેવા માટે રાજ્ય સરકાર દ્વારા મેલેરીયા મુક્ત ૨૦૨૨ અભિયાનની શરૂઆત કરાઈ છે. મહેસાણા જિલ્લો આ અભિયાનની આગેવાની લે તે તેવો અનુરોધ સંકલન બેઠકમાં જિલ્લા કલેકટર આલોક કુમારે કર્યો છે.

મેલેરીયા રોગના ફેલાવા પર સંપુર્ણ અંકુશ મેળવવા મેલેરીયાના કેસો શોધી સંપુર્ણ સારવાર ઉપલબ્ધ કરાવવા તેમજ રોગો ફેલાવતા મચ્છરોનું નિયંત્રણ મેળવવા માટે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવા જિલ્લા કલેકટરે જણાવ્યું હતું. મેલેરીયા મુક્ત અભિયાન થકી મહેસાણા જિલ્લાને મેલેરીયા મુક્ત ૨૦૨૨ સુધી અંતર્ગત કરવા ખાસ અપીલ કરાઈ હતી.

જિલ્લા કલેકટરશ્રી આલોક કુમારના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં જિલ્લાના અધિકારીઓને અભિયાન અંતર્ગત વિવિધ જવાબદારી સોંપાઈ હતી. બેઠકમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત અને તેમાં લેવાયેલ પગલાંની ચર્ચા કરવામાં આવી હતી. મહેસાણા જિલ્લામાં બાંધકામ સ્થળોની મુલાકાત દરમિયાન શોધાયેલ મચ્છર ઉત્પતિ સ્થાનોમાં પોરાનાશક કામગીરીનો અહેવાલ દર મહિને રજુ કરવા તાકીદ કરાઈ હતી.

ગુજકેટનું પરિણામ નબળું આવવાની આશંકાએ

પાલનપુરમાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીએ કર્યો આપઘાત

મૃતકની માતાએ પોતાના નાના દીકરાને એક કિડની ડોનેટ કરી છે ત્યારે જુવાનજોધ પુત્રના મોતથી માતા પિતા શોકમાં ડૂબી ગયા

પાલનપુરની ચંદ્રલોક સોસાયટીમા રહેતો અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા મૌલિક દરજી નામના વિદ્યાર્થી એ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી.

પાલનપુરના મોટીનગર પાસે આવેલી ચંદ્રલોક સોસાયટીમાં રહેતા મૌલિક. આર.ચૌહાણ (દરજી)એ આજે ગુજકેટનું પરિણામ હોવાથી કદાચ નબળું પરિણામ આવવાની આશંકા એ આપઘાતનું પગલું ભર્યું હોવાનું મનાય છે. મૌલિક દરજીએ

અગમ્ય કારણોસર ઘરમા ગળે ફાંસો ખાઈ આપઘાત કરતા પહેલા પ્રથમ પોતાના બન્ને હાથની નસો કાપી નાખી હતી. હાથની નસ કાપ્યા બાદ ઘરમા ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી.

મૃતકની માતાએ પોતાના નાના દીકરાને એક કિડની ડોનેટ કરી છે. ત્યારે જુવાનજોધ પુત્રના મોતથી માતા-પિતા શોકમાં ડૂબી ગયા હતા. વિદ્યાર્થીના આપઘાતથી પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

રાજેન્દ્રનગર ચોકડી પાસેથી ૯ શખ્સો દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા

મોડાસા, તા. ૨૪

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી નજીકથી મંગળવારે રાત્રીએ મોડાસા રૂરલ પોલીસે રાજસ્થાન તરફથી દારૂ પીને રાજાપાટમાં આવી ગયેલા સાત શખ્સોને ફોર્ડ આઈકોન કારમાંથી તેમજ અન્ય બે શખ્સોને દારૂ પીધેલી હાલતમાં પસાર થતા ઝડપી પાડી ૯ શખ્સો સામે પ્રોહીબેશન એક્ટ હેઠળ

ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીક સઘન પેટ્રોલીંગ હાથ ધરી રાજસ્થાન અને શામળાજી તરફથી આવતા વાહન ચાલકોની તલાશી હાથ ધરતા રાજસ્થાન તરફથી આવી રહેલ ફોર્ડ આઈકોન કારને અટકાવી તપાસ હાથ ધરતા ફોર્ડ આઈકોન કારમાંથી વિજયકુમાર અમૃતભાઈ પટેલ (ઉં.વ. ૩૪, રહે. પટેલવાસ ગણેશપુરા, તા. વિજાપુર, મહેસાણા), ભગવતસીંહ અજેસીંહ રાઠોડ (ઉં.વ. ૨૭), વિવેક સુરેશભાઈ પટેલ, ચેહરસીંહ હરીસીંહ રાઠોડ (ઉં.વ. ૨૨), દશરથસીંહ માલસીંહ રાઠોડ (ઉં.વ. ૨૯), મહેન્દ્રસીંહ વિનુસીંહ રાઠોડ (ઉં.વ. ૨૨) (તમામ રહે. જુના અને નવા દેવપુરા, વિજાપુર મહેસાણા અને કિરપાલસીંહ રતનસીંહ જાડેજા (રહે. સામેરા, તા. ભીલોડા, અરવલ્લી) ને ઝડપી પાડી સાતેય શખ્સો સામે ગેરકાયદેસર વગર પાસપરમીટ દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડી તદ્ઉપરાંત અન્ય બે શખ્સો પલ્લવસીંહ અજીતસીંહ સોલંકી (ઉં.વ. ૨૭, માતાજી થાળ, ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા) અને દિગ્વીજયસિંહ જયેન્દ્રસીંહ ઝાલા (મહેતપુરા, હિંમતનગર)ને દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડી કુલ ૯ શખ્સો સામે મોડાસા રૂરલ પોલીસે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુરમાં એન.એસ.યુ.આઈ.એ.નો ડી.પી.ઈ.ઓ. કચેરીમાં હંગામો

પાલનપુરમા રાઈટ ઓફ એજ્યુકેશન અને ડે-સ્કૂલો દ્વારા ઉઘરાવાતી મસમોટી ફી અને શિક્ષણના થતા વ્યવસાયિકરણ સહિતના પ્રશ્નોને લઈને એ.એસ.યુ. આઈ.એ.આજે આકમક તેવર દાખવ્યા હતા. એન. એસ.આઈ. યુ.આઈ.ના કાર્યકરો આજે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં આવી પહોંચ્યા હતા. જ્યાં તેઓએ અસરકારક રજૂઆત કરી કચેરીમાં રામધૂન બોલાવી હતી. મોદી હાય હાય...રૂપાણી હાય હાય... શંકર ચૌધરી હાય હાયના લગાવ્યા બાદ આ કાર્યકરો આકમક બન્યા હતા અને જિલ્લા શિક્ષણ કચેરીના નાયબ શિક્ષણાધિકારીના ટેબલ પર બંગડીઓ ઉછાળી હતી. જોકે, ભારે હોબાળાના પગલે જિલ્લા પંચાયત સંકુલમાં ઉત્તેજના છવાઈ ગઈ હતી.

પ્રાંતિજમાં ભરઉનાળે વિજકાપ મુકતાં લોકો તોબા પોકારી ઉઠ્યા

બાળકો સહિત વૃદ્ધો ગરમીમાં શેકાઈ ગયાં : મેન્ટેનન્સ કામોને લઇને વિજળી બંધ કરતાં ગરમીમાં લોકો પરેશાન થયાં

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભર ઉનાળે વિજળી કાપ મુકવામાં આવતાં બાળકો વૃદ્ધો સહિત લોકો ગરમીમાં સેકાઈ ગયાં હતાં અને ગરમીથી તોબા-તોબા પોકારી ઉઠ્યા હતા.

એકબાજુ કાળઝાળ ગરમીએ માજા મુકી છે અને ૪૨-૪૫ સુધીની ગરમી પડે છે અને ગરમીથી બચવા એસી, પંખા, કુલર જેવી યંત્રયુગની સુવિધાઓથી રાહતનો દમ લે છે તો બીજી બાજુ પ્રાંતિજ ખાતે વિજકંપની દ્વારા તા.૨૪-૫-૨૦૧૭ને બુધવારના રોજ સવારથી જ વિજય પ્રવાહ બંધ કરી દેતાં કાળજાળ ગરમીમાં લોકો પરસેવે રેબઝેબ થઈ ગયાં હતાં અને તોબા પોકારી ઉઠ્યા હતાં અને ગરમીમાં સેકાઈ ગયાં હતા અને બાળકો વૃદ્ધો અસંખ્ય ગરમીને લઈને તોબા તોબા પોકારી ઉઠ્યા હતાં. ત્યારે સરકારી કચેરીઓમાં પણ કામે આવેલ લોકો વિજ પ્રવાહ બંધ રહેતાં ગરમીમાં ડબલ નિશાસા નાખતાં જોવાં મળ્યાં હતાં.

ત્યારે આ અંગે પ્રાંતિજ વિજકંપનીમાં ફોન ઉપર વિજ અધિકારી સોનીનો સંપર્ક કરતાં તેવોએ જણાવ્યું હતું કે મેન્ટેનન્સ કામોને લઈને વિજ પ્રવાહ બંધ કરવામાં આવ્યો છે અને બપોર બાદ વિજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે તેવું તેવોએ જણાવ્યું હતું. ત્યારે કાળઝાળ ગરમીમાં જ વિજકંપની દ્વારા મેન્ટેનન્સ કામ હાથ ઉપર લેતાં પ્રાંતિજના લોકો નિસાસો નાખતા જોવા મળ્યાં હતા.

ભિલોડા તાલુકાના ઉબસલ ગામમાં ભાણીયાએ મામાની હત્યા કરતાં ચકચાર

ભિલોડા,તા.૨૪

ભિલોડા તાલુકામાં દિન-પ્રતિદિન હત્યા, ચોરી, લુંટ-ફાટ, અકસ્માતોના બનાવોનું પ્રમાણ વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે ત્યારે લોકમુખે ચર્ચાય છે કે પોલીસ તંત્રની ખાખી વર્દીનો ડર જેવું ન હોવાનું લોકમુખે ચર્ચાય છે. છેલ્લા કેટલાક સમયથી હત્યાના બનાવો જાણે સામાન્ય બન્યા હોય તેમ ગમે ત્યારે કોઈ પણ નાનામાં નાની બાબતની અદાવત રાખી હત્યાને અંજામ આપતા હોય છે. ભિલોડા તાલુકામાં ટોક ઓફ ધ ટાઉન બનેલ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ભિલોડા તાલુકાના ઉબસલ ગામમાં કળીયુગમાં ભાણીયાએ મામાની હત્યા કરતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સુરેશભાઈ ભગોરાના જણાવ્યા મુજબ બોલુન્દ્રા ગામના સુખાભાઈ સરતાનભાઈ તરારને ઉબસલ ગામના ડાહ્યાભાઈ જીતાજી ડાભીએ તેમના ભાણીયાને પત્ની લાવી આપી હતી ત્યારે તે પત્ની એકાદ દિવસ રહ્યા બાદ ઘર છોડી ચાલી જતાં સુખાભાઈ સરતાનભાઈ તરાર વચ્ચે અવાર-નવાર ઝગડા ચાલતા હતા ત્યારે તેની અદાવત રાખી તા.૨૩/૫/૨૦૧૭ ને મંગળવારના રોજ રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યાના સુમારે ઉબસલ ગામના સીમવિસ્તારમાં ડાહ્યાભાઈ જીતાજી ડાભી, ઉંમર. વર્ષ-૬૫ ખેતરમાં સુતા હતા તે દરમ્યાન સુખાભાઈ સરતાનભાઈ તરારએ લાકડા વડે પીઠના ભાગે ઉપરા-ઉપરી ઘા મારી શરીર ઉપર ગંભીર ઈજાઓ પહોંચાડી ભાણીયાએ મામાની હત્યા કરી ફરાર થઈ જતાં જીલ્લા મેજીસ્ટેટના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો આચરતાં ચકચાર મચી જવા પામી છે. ઉબસલ ગામમાં સગા ભાણીયાએ મામાની હત્યા કરતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા ત્યારે મૃતકનો મૃતદેહ કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયો હતો. મેડીકલ ઓફીસરએ પી.એમ. કરી મૃતદેહ પરીવારજનોને સોપતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

ઉબસલ ગામના અર્જુનભાઈ નરસિંહભાઈ ડાભીએ હત્યા સંદર્ભે સુખાભાઈ સરતાનભાઈ તરાર, રહે.બોલુન્દ્રા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં આજકાલ ધાર્મિક પ્રોગ્રામો તથા મેળાઓ મોટા પ્રમાણમાં થાય છે. જેના કારણે સમગ્ર જિલ્લામાં ધાર્મિક વાતાવરણ બની રહ્યું છે. મોડાસા નગરના સગરવાડા વિસ્તારમાં આવેલ શ્રી મહાકાળી માતાજી મંદિરે પાટોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સગર સમાજના મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

ખેડબ્રહ્મામાં તાલુકા સેવા સદનમાં અરજદારે ઝેરી દવા પીધી

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા શહેરમાં સ્ટેટ હાઈવે પર આવેલ તાલુકા સેવા સદનમાં એક વ્યક્તિ દવા પી જતાં સારવાર માટે ખસેડાયો હતો. ખેડબ્રહ્મા શહેરમાં બુધવારના બપોરના સમયે તાલુકા સેવા સદનના પ્રથમ માળે પરોસડાના બલવંતભાઈ મોહનભાઈ પટેલ (ઉં.વ. ૪૫) કોઈ અગમ્ય કારણસર કચેરીના બાથરૂમમાં ઝેરી દવા પી ગયો હતો. જેને અન્ય અરજદારે જોતા બીજા લોકોને બોલાવતા કચેરીના કર્મચારીઓ દ્વારા એમ્બ્યુલન્સ મારફતે જનરલ હોસ્પિટલમાં કેસ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે હિંમતનગર ખસેડવામાં આવ્યો હતો.